# કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ

કોસ્ટ એકાઉન્ટન્ટ માલસામાનના ઉત્પાદન અને પેઢી દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ સાથે સંકળાયેલા ખર્ચની નોંધ કરે છે. તેઓ વ્યવસાય માટે નફો વધારી શકાય તે માટે બજેટ અને ખર્ચ-નિયંત્રણ માટેની પહેલો પણ વિકસાવે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે દરેક વિગતોને વિસ્તૃત રીતે ઝીણવટપૂર્વક તપાસી શકો છો
- તમને આંકડાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો

ફી

આઈ.સી.એમ.આઈ. ફાઉન્ડેશન, ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ અભ્યાસક્રમ માટેની ફી આશરે **રૂ. ૫૫,૦૦૦*** જેટલી છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાન) સાથે અથવા વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા ચલાવામાં આવતો ફાઉન્ડેશનનો અભ્યાસક્રમ પૂર્ણ કરો, ત્યારબાદ આઈ.સી. એમ.એ.આઈ. ઈન્ટરમીડિયેટ અને આઈ.સી.એમ. એ.આઈ. ફાઈનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો.

**અથવા**

એકાઉન્ટન્સી/એકાઉન્ટિંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી સાથે ICMAI ફાઉન્ડેશન અભ્યાસક્રમ કરો. ICMAI ત્યારબાદ ICMAI ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો.

**અથવા**

એકાઉન્ટન્સી/એકાઉન્ટિંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી પૂર્ણ કરો અને પછી ICMAI ઈન્ટરમીડિયેટ અને ICMAI ફાઈનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો.

**અથવા**

એકાઉન્ટન્સી અથવા એકાઉન્ટિંગમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો અને ICMAI ઈન્ટરમીડિયેટ પૂર્ણ કરો. ત્યારબાદ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન / ઈકોનોમિક્સ / ફાઈનાન્સ / કોમર્સ / -ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો અને ICMAI ફાઈનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કોસ્ટ એકાઉન્ટન્ટનો પગાર મહિને આશરે **રૂ. ૮,૦૦૦** થી **૧૨,૦૦૦*** જેટલો અને અનુભવ ધરાવતા ઉમેદવારો માટે દર મહિને **રૂ. ૨૦,૦૦૦** થી **૩૫,૦૦૦*** જેટલો હોય છે.

સ્રોતઃ https://bit.ly/3HTy9hG

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંસ્થાઓ, નોન-બેંકિંગ નાણાકીય એકમો, વિકાસલક્ષી સંસ્થાઓ, શિક્ષણ, તાલીમ અને સંશોધન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ સહિત અન્ય સંસ્થાઓ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો વ્યવસાય પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તે ડેસ્ક જોબ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ કામકાજના કલાકોમાં ફેરફાર હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

### અપેક્ષિત પ્રગતિ પથ

ક્લાર્ક - કોસ્ટ એકાઉન્ટન્ટ → જુનિયર કોસ્ટ એકાઉન્ટન્ટ → કોસ્ટ એકાઉન્ટન્ટ → સિનિયર કોસ્ટ એકાઉન્ટન્ટ → કોસ્ટ એકાઉન્ટ્સ ઓફિસર → ચીફ કોસ્ટ એકાઉન્ટન્ટ

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

કોસ્ટ એનાલિસ્ટ, સિનિયર કોસ્ટ એકાઉન્ટન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ/બેંકિંગ/બિઝનેસ એનાલિસિસ દ્વારા રજૂ કરવામાં આવે છે.**
અહી આપેલ સંસ્થાઓની યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કોલકોત્તા
૪. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, કોઝિકોડ
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, લખનૌ
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી યુનિવર્સિટી
૮. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ઝેવિયર સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, જમશેદપુર
૨. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ (એમ.ડી.આઈ.), ગુડગાંવ
૩. એસ.પી.જે.આઈ.એમ.આર. (SPJIMR), મુંબઈ
૪. ટીએ પાઇ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યુટ, મણિપાલ
૫. ગ્રેટ લેક્સ ચેન્નાઈ - ગ્રેટ લેક્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૬. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૭. જી.યુ.એન.આઈ., મહેસાણા
૮. ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી, ગાઝિયાબાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer? સર્ચ કરો ટેક્સ્ટ = એકાઉન્ટન્સી
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**સુભદ્રા દત્તા ગુપ્તા** કોસ્ટ એકાઉન્ટન્ટ છે અને તેઓ ૧૯૯૯થી ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના સભ્ય છે. હાલમાં તેણી કોલકાત્તામાં સુભદ્રા દત્તા એન્ડ એસોસિએટ્સ સાથે પ્રેક્ટિસ કરી રહી છે. તેણી પાસે ૨૩ વર્ષથી વધુનો અનુભવ છે અને તે આવકવેરા અને વ્યવસાય કાયદામાં નિષ્ણાત છે.

સ્રોત: https://www.indiafilings.com/kolkata/cost-accountant/subhadra-duttagupta

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.